PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ20038GC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgycl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/પર/કવા-૦૧/૧૮-૧૯/ 7083-1 તા. 24-7-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
છગનભાઈ દેવાભાઈ કડછા,

ગામઃ ચુનારાવાડ

કુતિયાણા

પોરબંદર

મો: 9725013113

## વિષય :–ખેતીવાડી વીજજોડાણ મેળવવા અંગે

સંદર્ભ:– આપની અરજી . તા. 01/06/18 (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :પ ર/કવા–0૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.રાજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કુતીયાણા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : પર/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૩–૦૭–૧૮ | સ્થળ : પોરબંદર |
|---|---|---|

**પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: છગનભાઈ દેવાભાઈ કડછા ગામ: કુતીયાણા**

**રજુઆત કરનાર: અરજદાર છગનભાઈ દેવાભાઈ કડછા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી. કુતીયાણા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી પોરબંદર)**

**રજુઆત કરનાર : – ડી.એમ.કામાણી– કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી પોરબંદર**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા [ રજુ ધ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓશ્રી ના ભાઈ મસરીભાઈ દેવાભાઈ ના નામ અગાઉ ગામ:કુતીયાણા ખાતેના સર્વે નંબર: ૨૭૭, જુના સર્વે નંબર: ૧૫ પૈકી ૨ ની જમીન હતી. હાલ – સદર જમીન તેઓની માલીકી ની છે, સદર જમીન પર તેમના ભાઈએ તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ અરજી કરેલ હતી. જેના પહોચ નંબર: ૪૪૯૧૭ છે. તેમજ, તેઓને આજદિન સુધી ખેતીવાડી વીજજોડાણ મળેલ નથી. આમ, અરજદારે અત્રે ના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રી મસરી દેવાની ગામ કુતિયાણા ના રે.સ.નં ૪ ખાતે થી ડેઈઝ ખેતી વિષયક વિજ જોડાણની અરજી રસીદ નં ૪૪૯૧૭ તારીખ ૧૯.૧૧.૨૦૦૮ના રોજ કુતિયાણા પેટા વિભાગીય કચેરી માં અરજી કરેલ ને રજીસ્ટ્રેશન કરેલ હતું, જે અનુસંધાને વિગત નીચે મુજબ છે.<br><br>૧. અરજદાર ને તા. ૧૪.૫.૨૦૧૨ના રોજ કુતિયાણા પેટા વિભાગીય કચેરી હેઠળથી એફ.ક્યુ નં ૬૭મ તા ૧૪.૫.૨૦૧૨ ના રોજ ઈસ્યુ દર્શાવેલ જે જી.પી રજીસ્ટર ક્રમ નં ૨૭૭ એસ આર નં ૩૮૫૩૧૪મ મુજબ નોંધણી કરાવેલ છે, પરતુ ભાવપત્રક ભરપાઈ ની કોલમ ખાલી છે અને રીમાર્ક પેઈડ ઈન એસપીએ –૧૨ દર્શાવેલ છે. અરજદારના જણાવ્યા મુજબ તેમને ખેતીવાડી વિજ જોડાણ મળેલ નથી અને કુતિયાણા પેટા વિભાગીય કચેરી એસ આર ચેક કરતા સાઈટ સર્વે અને એસ્ટીમેટ ઈસ્યુ ટાસ્ક ઓપન હતો અને અરજદારને એફ.ક્યુ ઈસ્યુ થયેલ જ નથી ( જે કેટીયાય /ટેક ૨૩૨૬ તા ૨૮.૬.૨૦૧૭ પત્ર માં જણાવ્યા મુજબ).<br><br>૨. ઉપરોક્ત બાબતે કુતિયાણા પેટા વિભાગીય કચેરી દ્વારા માર્ગદર્શન માંગતા જરૂરી કાર્યવાહી દસ્તાવેજ મંગાવીને આ બાબતની ખરાઈ કરતા વર્તુળ કચેરી ને આગળની કાર્યવાહી અર્થે માર્ગદર્શન માટે મોકલેલ જે અનુંસધાને વર્તુળ કચેરી પત્ર નં એસીપી/ટેક-૪/૧૪૭૨ તા ૨૫.૯.૨૦૧૭ મુજબ વર્તુળ કચેરીના અધિકારીશ્રી ઓ દ્વારા ખરાઈ કરીને આ પત્રથી આગળ ની કાર્યવાહી અંગે જણાવેલ અને મજુરી આમલ હતી . અને તા ૧૦.૧૦.૨૦૧૭ ના કમિટિ લેવલનો રીપોર્ટ તૈયાર કરીને પીઆરડી/રેવ/ઓડીટ નં ૭૧૫ તા ૧૩.૧૦.૨૦૧૭ થી આગળની કાર્યવાહી કરવા પેટા વિભાગીય કચેરી ને જણાવેલ તેમજ મજુરી માટે જાણ કરેલ હતી. |

| | |
|---|---|
| | ૩ અરજદાર મસરી દેવા ની અરજી સર્વેનં ૪ પર માન્ય રાખીને એપ્રુવલ મળતા અરજદારના ભાઈ છગન દેવા તે વિજ જોડાણ સર્વેનં ૧૫/૨ નવા(સર્વે નં ૨૭૭) પર નામફેર વીથ શીફટીગ માગે છે જ્યારે મસરી દેવાના અરજી સર્વેનં ૪ પર હોય તે સમયમાં સયુકત ભાગીદારી કે નામ ન હોય આ અંગે તે જમીન હાલમાં છગન દેવા પાસે હોય તો મસરી દેવાની અરજી અનુસંધાને છગન દેવા નામફેર વીથ શીફટીગ ની માંગણી સર્વેનં ૪ માથી ૧૫/૨ સર્વે પર કરે છે.<br><br>૪. છગન દેવાની ગ્રાહક તકરાર નિવારણ માં અરજી કરેલ તેમા જણાવેલ કે અરજી સર્વે નં ૧૫/૨ અરજી મસરી દેવાના નામથી કરેલ છે પરતું મસરી દેવા એ અરજી સર્વેનં ૪ પર કરેલ છે. તે મુજબ ની જાણકારી આપેલ છે<br><br>૫. વધુમા તા.૦૩–૦૭–૧૮ ના રોજ ફોરમ ની મીટીગ મા જણાવ્યા મુજબ – જુની કેઈસ ફાઈલ સર્વે નંબરઃ ૪ પર ની મસરી દેવા ગ્રાહક નં – ૩૫૪૦૧/૦૩૫૯૩/૪ ની ફોરમ સમક્ષ રજુ કરાયેલ છે |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, મેર મસરીભાઈ દેવાભાઈ ગામઃ કુતીયાણા – સર્વે નંબરઃ ૦૪ મા નવુ ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૦૪–૧૧–૦૮ ના રોજ પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી, કુતીયાણા ખાતે અરજદાર દ્વારા અરજી કરાતા – જરૂરી નોંધણીચાર્જ – રૂ.૨૦૦/– <u>તા.૧૯–૧૧–૦૮ થી ભરપાઈ કરેલ.</u><br>• અરજદાર દ્વારા રજુ કરાયેલ ગામના નમુના નં. ૮–અ મુજબ તા.૧૦–૧૧–૦૮ ની સ્થિતીએ – મેર મશરીભાઈ દેવાભાઈ – નોંધણી નં.–૪૨૫૧ – સર્વે નંબરઃ ૪ મા ૦૨ હેકટર–૭૪ આરે.–૧૮ ચો.મી. –<br>• સર્વે નંબરઃ **૮૬ પૈકી ૨** મા – ૦૧ હે –૯૪ આરે – ૨૫ ચો.મી. અને<br>• સર્વે નંબરઃ **૪૪૪ પૈકી ૨** મા– ૦૨ હેકટર–૧૩આરે.–૪૭ ચો.મી. જમીન ધરાવે છે.<br>• તેમજ તા.૧૦–૦૫–૧૧ ગામના નમુના નં. ૮–અ મુજબ નોંધણી નં.–૭૬૮૮ મા – સર્વે નંબરઃ **૧૫ પૈકી ૨** – મા ૦૩ હેકટર–૮૮ આરે.–૫૧ ચો.મી. જમીન ધરાવે છે<br>• તા.૧૧–૦૪–૧૭ ગામના નમુના નં. ૬ મુજબ નોંધણી નં.–૯૧૮૫ મુજબ ની વિગતે કુતીયાણા તાલુકાના ખાતા નં.–૧૩૦૬ ની સર્વે નંબર **૨૭૭** ની હે.–૩–૮૮–૫૧ ની જમીન મેર મસરીભાઈ દેવાભાઈ ધારણ કરે છે, તથા ખાતા નં.–૨૯૪ ની સર્વે નંબરઃ ૩૪૭ ની હે. ૧–૬૮–૯૭ ની જમીન મેર છગનભાઈ દેવાભાઈ ધારણ કરે છે. જે જમીન અદલ–બદલ રજી. દ.નં.૧૬, તા.૩૧–૦૧–૧૭ મુજબ – સર્વે નંબરઃ ૨૭૭ ની હે. –૩–૮૮–૫૧ ખાતા નં.–૨૯૪ ના ખાતેદાર મેર છગનભાઈ દેવાભાઈ ના નામે કરવા તથા સર્વે નંબરઃ ૩૪૭ ની હે. ૧–૬૮–૯૭ ની જમીન ખાતા નં.–૧૩૦૬ ના ખાતેદાર મેર મસરીભાઈ દેવાભાઈ ના નામે કરવા અરજી મુજબ નોંધણી કરાયેલ છે. |
| <u>૩.૨</u> | • છગનભાઈ દેવાભાઈ મેર એ તેઓનુ ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૦૧–૧૨–૭૩ ની અરજી મુજબ – ગામના નમુના નં. – ૭–૧૨ સર્વે નંબરઃ ૪ મા કબ્જેદાર છગનભાઈ, વલ્લભભાઈ, મોહનભાઈ, નાથાભાઈ, રણછોડ પોપટના ખાતા નંબર – અન્વયે – વીજ જોડાણ ને ૨૩/૨૦૦૭ તા.૦૧–૦૪–૧૯૭૪ ના રોજ રીલીઝ કરેલ.<br>• ઉપરોકત **સર્વે નંબરઃ ૪** ની **સંયુકત માલીકી** ની જમીન માં ખેતીવાડી વીજજોડાણ શ્રી છગનભાઈ પોપટભાઈ ના નામે છે, જે જમીન તેઓએ **શ્રી મસરી દેવા ને વેચી આપેલ છે**. તે બદલ છગનભાઈ પોપટભાઈ વતી મોહનભાઈ પોપટભાઈ દ્વારા ની <u>પેટા વિભાગીય કચેરી, કુતીયાણા ને અરજી</u> તા.૦૩–૦૧–૮૫ મુજબ – સદર વીજ જોડાણ શ્રી મસરીદેવા ના નામે નામ બદલી કરી આપવા અરજી કરેલ. જેના સાથે તેઓએ અન્ય ભાગીદારો નુ લેખીત સંમતીપત્ર જોડેલ હતુ |

| | |
|---|---|
| | • ઉપરોક્ત નામ બદલી ની અરજી અન્વયે – પેટા વિભાગીય કચેરી દ્વારા મંજુરી મળ્યા મુજબ – સદર વીજજોડાણ મસરીભાઈ દેવાભાઈ કડછા ના નામે તા.૦૧–૦૮–૮૫ થી કરાયેલ છે, તેની લેખીત મા જાણકારી તા.૨૫–૦૭–૮૫ થી કરાયેલ હતી. જેની નકલ છગનભાઈ પોપટભાઈ ને અપાયેલ હતી. |
| ૩.૩ | • ઉપરોક્ત ૩.૧ અને ૩.૨ ના મુદ્દામા જણાવ્યા મુજબ – મસરી દેવા મેર દ્વારા – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે સર્વે નંબરઃ ૪ મા અરજી ની નોંધણી <u>તા.૧૯–૧૧–૦૮</u> થયેલ હતી. અરજદાર ની માંગણી મુજબ – સર્વે નંબરઃ ૨૭૭ ની જમીન – જે તે વખત મસરીભાઈ દેવાભાઈ મેર મરાવતા હતા, જે વેચાણ તા.૩૧–૦૧–૧૭ મુજબ અદલ બદલ થતા– સર્વે નંબરઃ ૨૭૭ ની હે. –૩–૮૮–૫૧ ખાતા નં.–૨૯૪ ની જમીન મેર છગનભાઈ દેવાભાઈ ના ખાતે થયેલ.<br>• શ્રી મસરી દેવા મેર દ્વારા – ઉપરોક્ત અરજી અન્વયે જે તે વખતે શીફટીંગ ની અરજી સર્વે નંબરઃ ૨૭૭ માં નોંધણી કરાવેલ નથી. જેથી, – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ની માંગણી મુજબ શીફટીંગ થઈ શકે નહી. શ્રી મસરી દેવા મેર – જો તેમના નામની અન્ય જમીન મર જોડાણ – મેળવવા ઈચ્છે તો – જોડાણ શીફટીંગ થવા પાત્ર છે. જે અંગે ની જાણકારી વિભાગીય કચેરી ના પત્ર નં. – ૩૪૬ તા.૧૫–૦૨–૧૮ થી પેટા વિભાગીય કચેરી કુતીયાણા ને કરાયેલ હતી.<br>• અરજદાર શ્રી છગનભાઈ દેવાભાઈ દ્વારા – હાલ ના જમીન સર્વે નંબરઃ ૩૪૮ (૪) થી નવો સર્વે નંબરઃ ૨૭૭ (૧૫ પૈકી ૨) કુતીયાણા ગામે આવેલ જમીન મા – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નામ બદલી અને શીફટીંગ સાથે ની અરજી તા.૨૩–૦૪–૧૮ ના રોજ નોંધણીચાર્જ રૂ.૬૦૦/– થી ભરપાઈ કરેલ, જેમા જોડેલ લેખીત સંમતીપત્ર મુજબ – શ્રી શ્રી મસરી દેવા કડછા દ્વારા જણાવેલ કે – તેઓની સર્વે નંબરઃ ૪ વાળી જમીન પર મંજુર કરાયેલ વીજજોડાણ – તેઓની સર્વે નંબરઃ ૧૫ પૈકી ૨ ( નવા સર્વે નંબરઃ ૨૭૭) વાળી જમીન – જે તા.૩૧–૦૧–૧૭ મુજબ રજીસ્ટર્ડ દસ્તાવેજ થી – તેઓના ભાઈ શ્રી છગનભાઈ દેવાભાઈ ના નામે આવેલ છે, જેથી – મંજુર કરાયેલ વીજજોડાણ – તેઓના ભાઈ શ્રી છગનભાઈ દેવાભાઈ ના નામે – સર્વે નંબરઃ ૨૭૭ માં આપવાની લેખીત સંમતી આપેલ છે |
| ૩.૪ | • પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા – બદલાયેલ પરિસ્થિતી અન્વયે – નવીન ખેતીવાડી વિષયક વીજજોડાણ આપવા માટે ના માર્ગદર્શન મુજબ – મુદ્દા નં. (ચ) અન્વયે – મુળ અરજદાર દ્વારા નવીન વીજજોડાણ ની માંગણી અન્વયે – સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર ના નામે વીજજોડાણ મળી શકે નહી. પરંતુ – ફકત મુળ અરજદાર દ્વારા કરેલ અરજી અન્વયે – પેટા વિભાગીય કચેરી હેઠળ ના કાર્યક્ષેત્ર હેઠળ ના – મુળ અરજદાર ની પોતાની માલીકી ની અન્ય જગ્યાએ – ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય તેવા સંજોગોમાં નવીન જગ્યાએ ખેતીવાડી વિષયક વીજજોડાણ નોંધણીચાર્જ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજીક પેપર્સ મહેસુલી પુરાવો રજુ કર્યે થી આપી શકાશે, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે |

<u>**હુકમ**</u>

<u>મુદ્દા નં.–૪</u> :

| | |
|---|---|
| ૪.૧ | [illegible] |

ગેરહાજર

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
[illegible]

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: [illegible] કરી શકાય છે. અપીલ [illegible] અરજીમાં થવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\D JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT 29-5-18.doc